ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# અફવા બજાર ગરમ : કેબીનેટ બેઠક બાદ ફેરફારોના પડીકા

## રાજકીય ઉલટફેર પછી આજે મંત્રીમંડળની બેઠક પર સૌની નજર

ગાંધીનગર, તા. ૨૩

રાજય મંત્રીમંડળમાં ઉલટફેરના મુખ્યમંત્રીના નિર્ણય પછી આજે મળનારી રાજય મંત્રીમંડળની બેઠક પર સૌની નજર મંડાયેલી છે.

પાટનગરના રાજકીય વર્તુળોમાં એવી ચર્ચા ચાલી રહી છે કે મુખ્યમંત્રી આજે મંત્રીમંડળની બેઠક બાદ તેમના પોતાના કાર્યભારણને ઓછુ કરવા ખાતાઓની ફાળવણીમાં ફેરફાર જાહેર કરી શકે છે.

જો કે બીજા કેટલાક રાજકીય વર્તુળો આ વાતનો ઈન્કાર કરી રહ્યા છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ૨૭મીએ ગાંધીનગર આવી રહ્યા છે તે પછી મંત્રીમંડળના વિસ્તરણ અને મંત્રીઓના ખાતાઓમાં ફેરબદલ અંગેના નિર્ણય લેવામાં આવી શકે છે.

હાલ તો મંત્રીમંડળમાં જૈસે થે ની સ્થિતિ જાળવણી રાખવામાં આવશે. મંત્રીમંડળ અને સંગઠનના ફેરફારો જો કરવામાં આવશે તો આ માસાન્ત સુધીમાં કરી દેવાશે. આ પછી સરકાર ચૂંટણીલક્ષી તૈયારીમાં વધુ વ્યસ્ત થશે.

રાજયના મંત્રીમંડળના બે સિનીયર સભ્યો રાજેન્દ્ર ત્રિવેદી અને પૂર્ણેશ મોદી આજે સ્વર્ણિમ સંકુલમાં આવ્યા હતા પરપંતુ તેમનો જુસ્સો પહેલા જેવો જોવા મળતો ન હતો.

આજે મંગળવારનો દિવસ હતો પરંતુ ધારાસભ્યો પણ ઓછા દેખાયા હતા. છેલ્લા બે દિવસથી પાટનગરના રાજકીય વર્તુળોમાં માત્ર અટકળોનું બજાર જ ગરમ જોવા મળી રહ્યુ છે.

રાજ્ય સરકાર ૨૭, ૨૮ના પ્રધાનમંત્રીના કાર્યક્રમમાં વધુ વ્યસ્ત બની છે. આજે સાંજે મહાત્મા મંદિર ખાતે ''સ્વરાજ'' ટી.વી. સિરીયલના સ્ક્રીનીંગ બાદ યોજાયેલ ડિનર ડિપ્લોમસી દરમ્યાન પણ બધાએ રાજકીય સ્થિતિ અંગે મૌન રહેવાનું વધુ પસંદ કર્યુ હતુ. રાજકીય ચર્ચાઓને બદલે સિરીયલને લઈ વધુ ચર્ચાઓ સાંભળવા મળી હતી.

વિધાનસભાની ચૂંટણીઓ યોજવાની જાહેરાત પૂર્વે સંગઠન અને સરકારમાં ફેરફારની વાતને લઈ અત્યારે રાજકીય વર્તુળોમાં ગરમાવો જોવા મળી રહ્યો છે.



શહેરમાં કેટલાક સેક્ટરો માટે વરસાદ આફતરૂપ બન્યો છે. વરસાદના કારણે ઠેર ઠેર ભુવા પડ્યા છે એટલુ જ નહી કાદવ-કિચડ પણ પુષ્કળ પ્રમાણમાં જોવા મળી રહ્યો છે. સેક્ટર-૬માં શોપીંગ સેન્ટર વિસ્તારમાં જ ખૂબ કાદવ કિચડ થતાં વસાહતીઓ હેરાન પરેશાન થઈ રહ્યા છે. કાદવ કિચડના કારણે માખી-મચ્છરોનો ઉપદ્રવ પણ વધ્યો છે.

### વરસાદી નઝારો નિખર્યો

# શહેરમાં વાદળિયા વાતાવરણ વચ્ચે ભીંજારાથી ઠંડક પ્રવર્તી

## શહેરમાં સિઝનનો ૨૩ ઇંચ વરસાદ આજે સવારથી સેકટરોમાં વરસાદી ઝાપટાથી ભીંજારો

ગાંધીનગર તા ૨૩

ગાંધીનગરમાં ગઈકાલ રાતથી વરસાદી નઝારો નિખર્યો છે. આજે સવારે પણ વાદળિયા વાતાવરણ વચ્ચે વરસાદી નઝારાની જમાવટ જોવા મળી હતી જો કે દિવસના અંતે માંડ ૧૦ મી મી વરસાદ વરસ્યો હતો જયારે વાદળિયા વાતાવરણ વચ્ચે મહત્તમ તાપમાનમાં ૪ ડીગ્રીનો ઘટાડો થયો હતો. વરસાદી ભીંજારા વચ્ચે વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી શહેરમાં અત્યાર સુધી સિઝનનો ૨૩ ઈંચ વરસાદ નોંધાયો છે. દિવસના અંતે પણ વરસાદી ઝાપટા વરસવાનુ ચાલુ રહ્યુ હતુ.

ગાંધીનગર શહેરમાં અત્યાર સુધી સિઝનનો ૫૭૫ મી મી વરસાદ નોંધાયો છે. અલબત્ત



શહેરમાં અત્યાર સુધી સિઝનનો ૨૩ ઈંચ જેટલો વરસાદ થયો છે. છેલ્લા ૨૪ કલાકમાં શહેરમાં ૧૦ મી મી વરસાદ થયો છે. ગઈકાલ રાતથી વાતાવરણમાં બદલાવ જોવા મળ્યો હતો. જયારે મોડી રાત્રે વરસાદી છાંટણા વરસવાનુ શરૂ થયુ હતુ સવારે પણ આકાશમાં કાળા ડીબાંગ વરસાદી વાદળો ઘેરાયેલા જોવા મળ્યા હતા. વરસાદી વાયરા વચ્ચે રીમઝીમ વરસતા વરસાદથી શહેરમાં ઠંડક પ્રસરી હતી સેકટરોમાં ઠેર ઠેર કાદવ કિચ્ચડ વચ્ચે ભીંજારાનો માહોલ જોવા મળ્યો હતો. જયારે સવાર સુધીમાં ૫ મી મી વરસાદ પડયો હતો બપોરના સમયે પણ વરસાદી છાંટણા વરસતા સેકટરોમાં ઠેર ઠેર પાણીના ખોબોચિયા ભરાયા હતા. જો કે મેઘરાજા મનમુકીને વરસ્યા ન હતા જેના લીધે વરસાદી નઝારો નિખર્યો હતો પરંતુ વરસાદ અલપ ઝલપ હળવા ઝાપટા વરસાવી અદ્રશ્ય થઈ ગયો હતો. શ્રાવણના સરવરિયાના મિજાજમાં સેકટરોમાં છુટાછવાયા વરસતા ઝાપટા વચ્ચે જનજીવન પ્રભાવિત થયુ હતુ. જયારે વરસાદી વાતાવરણ વચ્ચે મહત્તમ તાપમાનમાં પણ આજે ૪ ડીગ્રીની ગિરાવટ જોવા મળી હતી.

● અનુસંધાન પાન-૭ પર

### સંત સરોવરના ૪ દરવાજા ખોલાયા

ગાંધીનગર, તા. ૨૩

ધરોઈ ડેમમાંથી પાણી છોડવામાં આવતાં આજે સંત સરોવરના ૪ દરવાજા ખોલવામાં આવ્યા છે.

ધરોઈ ડેમમાંથી ગઈકાલ રાતથી ૨૦ હજાર ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યુ છે. જોકે આજે રાતના આ પાણીના જથ્થામાં ઘટાડો નોંધાયો છે. સંત સરોવરમાં આજે સવારે પાણી આવી પહોંચ્યુ હતુ.

આજે સાંજે સંત સરોવરમાં ૨૦ હજાર ક્યુસેક પાણીની આવક સામે ૧૯,૭૦૦ ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યુ છે. ૪ દરવાજા ૩ ફૂટ જેટલા ખોલવામાં આવ્યા છે.

ધરોઈમાં ઉપરવાસમાં સારા વરસાદને પગલે પાણીની આવક વધી હતી અને સત્તાવાળાઓએ પાણી છોડવાનો નિર્ણય લીધો હતો. ગાંધીનગર મામલતદારે ૧૦ જેટલા ગામોમાં લોકોને નદીના પટમાં નહિ જવા માટે ચેતવણી પણ આપી હતી.

સાબરમતી નદી આ વર્ષે બીજીવાર પાણીનો પ્રવાહ આવતાં રિચાર્જ થઈ છે. સાબરમતી નદી ૨૦૧૭ પછી પહેલીવાર નદી બે વખત રિચાર્જ થઈ છે.

# જિલ્લામાં હળવાથી મધ્યમ વરસાદ

## રાત્રે ૮ વાગ્યા સુધીમાં માણસામાં ૩૪, દહેગામમાં ૧૪, કલોલમાં ૧૩ અને ગાંધીનગરમાં ૧૨ મી.મી. વરસાદ નોંધાયો

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર જિલ્લાના ચારેય તાલુકામાં આજે હળવાથી મધ્યમ વરસાદ સવારથી રાત્રિના ૮ વાગ્યા સુધીમાં નોંધાયો છે.

જિલ્લામાં આ વર્ષે સતત મેઘવર્ષા ચાલુ રહી હોવાથી વરસાદી દિવસો વધવા પામ્યા છે. આજે સવારના ૬ વાગ્યા સુધીમાં ૫૮૧ મી.મી. સરેરાશ વરસાદ નોંધાઈ ચુક્યો છે.

દહેગામમાં ૭૦૯ મી.મી., ગાંધીનગરમાં ૪૨૪ મી.મી., કલોલમાં ૬૫૬ મી.મી. અને માણસામાં ૫૩૩ મી.મી. વરસાદ આજે સવારના ૬ વાગ્યા સુધીમાં નોંધાયો હતો. ટકાવારીના સાપેક્ષમાં જોઈએ તો દહેગામમાં સિઝનનો ૯૦ ટકા, ગાંધીનગરમાં સિઝનનો ૬૦ ટકા, કલોલમાં સિઝનનો ૮૪ ટકા અને માણસામાં સીઝનનો ૬૮ ટકા વરસાદ નોંધાયો છે.

આજે જિલ્લામાં ચારેય તાલુકામાં હળવો અને મધ્યમ વરસાદ નોંધાતા વાતાવરણમાં ઠંડક પ્રસરી જવા પામી છે. એટલુ જ નહિ તાપમાનનો પારો ગગડી ૨૯ ડિગ્રી સે. નોંધાયો હતો. દિવસ દરમ્યાન ગાંધીનગરમાં નોંધાયેલા ફરફરીયા વરસાદની સીધી અસરો જનજીવન પર પડેલી જોવા મળી હતી.

રાત્રે ૮ વાગ્યા સુધીના મળેલા અહેવાલો પ્રમાણે માણસામાં ૩૪ મી.મી., દહેગામમાં ૧૪ મી.મી., કલોલમાં ૧૩ અને ગાંધીનગરમાં ૧૨ મી.મી. વરસાદ નોંધાયો છે.

જિલ્લામાં સતત વરસાદી વાતાવરણ અને ભેજનો માહોલ છવાયેલો રહેતો હોવાથી ખેડૂતો પણ હવે વરાપ માંગી રહ્યા છે જેથી ખેતરોમાં નિંદામણ સહિતની કામગીરી થઈ શકે. ૪ દિવસ બાદ મેઘરાજા આજે પુનઃ પધાર્યા છે. આજે થયેલા હળવા અને મધ્યમ વરસાદની અસરો જનજીવન પર અને વાહન વ્યવહાર પર પડેલી જોવા મળી હતી.

# શહેરમાં વધુ બે સ્વાઈન ફલુના કેસ

## સરગાસણની મહિલા અને સે. ૩ની એક નાની બાળકીનો સ્વાઈન ફલુનો રિપોર્ટ પોઝીટીવ : બાળકીને સારવાર માટે દાખલ કરાઈ

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર શહેરમાં સ્વાઈન ફલુના વધુ બે કેસ નોંધાયા છે. આ સાથે શહેરમાં સ્વાઈન ફલુના કેસોની સંખ્યા વધીને ૨૦ થઈ છે.

ગાંધીનગર શહેરમાં સ્વાઈન ફલુનો કહેર વધી રહ્યો હોવાથી તંત્રમાં ચિંતા વધી છે. શહેરમાં આજે નોંધાયેલા કેસમાં એક બાળકનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. શહેરમાં બાળક સ્વાઈન ફલુમાં સપડાયુ હોય તેવો બીજો કેસ નોંધાયો છે.

આજે નોંધાયેલા બન્ને કેસ મહિલા દર્દીના છે. બાળ દર્દીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

● અનુસંધાન પાન-૭ પર

### શહેરી વિસ્તારના આઠ ગામોમાં

# નળ સે જળ યોજના અન્વયે નવા ૭ હજાર જોડાણ અપાશે


## અગાઉ હાથ ધરાયેલા સર્વે મુજબ રહેણાંક મિલ્કતની સંખ્યા ૧૧ હજારની આસપાસ : જયારે પાણીના કાયદેસર જોડાણ પણ ૪ હજાર જેટલા છે : નવી નિતી નક્કી થયા બાદ નવા જોડાણ આપવા હજુ નિતી નક્કી થઇ નથી

ગાંધીનગર તા ૨૩

ગાંધીનગરના શહેરી વિસ્તારના ગામોમાં નળ સે જળ યોજના અન્વયે પાણીના નવા જોડાણ આપવામાં આવશે જયારે આ અન્વયે સરકાર કક્ષાએથી નિતી નક્કી કરાયા બાદ આગળ જોડાણ આપવાની કાર્યવાહી હાથ ધરાશે. અગાઉ થયેલા અભ્યાસ મુજબ શહેર નજીકના આઠ ગામોમાં કાયદેસર જોડાણ ધરાવનારાની સંખ્યા ૩૯૦૦ જેટલી છે. જયારે રહેણાંકની મિલકતનો આંકડો ૧૧ હજારનો છે. આવા સંજોગોમાં અનઅધિકૃત મિલ્કતોને જોડાણ આપવાના મામલે પણ સરકારના માર્ગદર્શનના અંતે પ્રકીયા હાથ ધરાશે અગાઉના અભ્યાસ મુજબ ગામોમાં અંદાજિત ૭ હજાર જેટલા નવા જોડાણ આપવાની અનિવાર્યતા જણાંઇ હતી જો કે આગળ નિતી નક્કી કરાયા બાદ આગળ જોડાણ અપાશે.

ગાંધીનગર શહેરી વિસ્તારના ગામોમાં નળ સે જળ યોજના અન્વયે નવા જોડાણ આપવા અગાઉ તંત્ર દ્વારા નવી લાઈન નાંખવા સહીતની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેમાં ઈન્દ્રોડા, ધોળાકુવા, ગોકુલપુરા, પાલજ, બાસણ , આદીવાડા ઉપરાંત ફતેપુરા ગામનો સમાવેશ થાય છે. ગાંધીનગરમાં ૩૦ સેકટરોની રચના કરવાની સાથે આ ગામોને પણ ન્યુક્લિયસ વિલેજનો દરજ્જો આપવામાં આવ્યો હતો. જે અન્વયે આ ગામોને શહેરી ગામનો દરજ્જો પણ આપવામાં આવ્યો હતો. શહેરી વિસ્તારના ગામોમાં દાયકાઓના અંતે પણ માળખાગત સુવિધાઓ અપગ્રેડ થઈ નથી અલબત્ત જરૂરી સુવિધા ન હોવાનો આક્રોશ પણ પ્રબળ બન્યો છે. ત્યારે પાણીની જરૂરિયાતને અનુલક્ષી ગામોમાં નળ સે જળ યોજના અન્વયે બાકી રહેતા જોડાણકર્તાઓને પણ આવરી લેવા માટે આયોજન કરાયુ છે. નળ સે જળ યોજના અન્વયે હજુ આ આઠેય ગામોમાં થઈને અંદાજિત ૭ હજાર જેટલા નવા જોડાણ આપવાનુ થતુ હોવાનુ ચિત્ર પણ સામે આવ્યુ છે.

● અનુસંધાન પાન-૭ પર



જૂના સરકારી આવાસ જોખમી બની રહ્યા છે. રીનોવેશનની નબળી ગુણવત્તાના કારણે આવા આવાસો વસાહતીઓ માટે ક્યારેક મોટી મુશ્કેલી ઉભી કરે છે. સેક્ટર-૧૯ના ઘ-ટાઈપના બ્લોક નં. ૨૭૫/૫ ખાતે હમણાં જ રીનોવેશન કરાયુ હતુ. આ મકાનની છતનું એક મોટુ પોપડુ પડતા તેમાં રહેતા અશોકભાઈ રાવલના પરિવારના સભ્યો માંડ બચ્યા હતા.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality

ASTRAL PIPES

PRINCE PIPING SYSTEMS

Jaquar experience bathing

DR. FIXIT

Birla White THE WHITEST WHITE CEMENT

VINAYAK 500 ટી.એમ.ટી. સળીયા

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

# નજીવો ઉછાળો : શહેરમાં નવા ૯ અને ગ્રામ્યમાં વધુ ૨ કેસ નોંધાયા

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાના કેસોમાં નજીવો ઉછાળો જોવા મળ્યો છે. શહેરમાં કોરોનાના કેસો નવ અને ગ્રામ્ય વિસ્તારમાં સતત બીજા દિવસે બે જ કેસ નોંધાયા છે. એક્ટીવ કેસની સંખ્યા ઘટીને ૧૦૦થી પણ નીચે આવી જવા પામી છે. રિકવરી રેટ ૯૬ ટકાએ પહોંચ્યો છે.

રિકવરી રેટ સુધરતા અને હોસ્પિટલાઈઝેશન ઓછુ હોવાથી તંત્રને રાહત જરૂર છે. શહેર-જિલ્લામાં મોટા ભાગના દર્દીઓ હોમ આઈસોલેશનનો વિકલ્પ પંદ કરી રહ્યા છે. સામે તંત્રએ સઘન સર્વેલન્સ અને સઘન વેક્સિનેશન અભિયાન હાથ ધર્યુ છે.

## સે. ૨૧, કુડાસણમાં ૨-૨ ઉપરાંત આઈઆઈટી, સે. ૮, ૫, સરગાસણ અને રાંદેસણમાં કેસો નોંધાયા

શહેર-જિલ્લામાં કોરોનાના કેસોમાં સતત ચડાવ-ઉતાર જોવા મળ્યો છે તેથી તંત્ર ચિંતિત છે. શહેર-જિલ્લામાં તંત્ર કોરોના ગાઈડલાઈન્સના પાલનમાં લોકો જે ઉદાસીનતા દાખવી રહ્યા છે તેને લઈ પણ ચિંતીત છે.

શહેર-જિલ્લામાં આજે ૨૧ દર્દીઓ કોરોનામુક્ત થતાં તંત્રએ રાહત અનુભવી છે. શહેરમાં ૧૦ અને ગ્રામ્યમાં ૧૧ દર્દીઓને આજે ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે. શહેર-જિલ્લામાં આ સાથે નોંધાયો છે. આજે નોંધાયેલા કેસોને પગલે તંત્રએ ૧૩૦૦થી વધુ લોકોને હોમ આઈસોલેટ કર્યા છે.

ગાંધીનગર શહેરમાં આજે કોરોનાના નવા નવ કેસ નોંધાયા છે. જેમાં ત્રણ મહિલા દર્દી અને ૩ દર્દી ૬૦થી વધુ વયના છે.

શહેરનું આર્થિક હૃદય ગણાતા સે. ૨૧માં ૨, કુડાસણમાં ૨, ઉપરાંત આઈઆઈટી, સે. ૮, સે. ૫, સરગાસણ અને રાંદેસણ ગામમાંથી કેસ મળી આવેલ છે.

શહેરમાં આજે નોંધાયેલા તમામ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. આજે નોંધાયેલા તમામ દર્દી લોકલ ટ્રાન્સમિશનથી સંક્રમિત થયાનું જાણવા મળેલ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે બે કેસ નોંધાયા છે. બન્ને દર્દી મહિલા છે. બન્ને દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

જિલ્લાના કલોલ અર્બન-૨ વિસ્તારમાં એક અને માણસા અર્બન વિસ્તારમાં એક કેસ

# જિલ્લામાં રાજકીય પક્ષોનું મોકપોલ સંપન્ન

## ૧૧૧ બી.યુ., ૨૧૩ સી.યુ. અને ૧૫૮ વી.વી. પેટ ક્ષતિગ્રસ્ત જણાતાં તેમને અલગ કરવામાં આવ્યા

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર જિલ્લામાં વિધાનસભાની સામાન્ય ચૂંટણી માટે ઉપયોગમાં લેવામાં આવનાર બેલેટ યુનિટ. કંટ્રોલ યુનિટ તેમજ વી.વી.પેટનું ફર્સ્ટ લેવલ ચેકિંગ સંપન્ન થયા બાદ આજે રાજકીય પક્ષો માટે મોકપોલ યોજવામાં આવ્યુ હતુ.

મોકપોલ દરમ્યાન પક્ષોના પ્રતિનિધિઓએ વોટીંગ કરી અને પરિણામો ચકાસ્યા બાદ બરાબર કામગીરી થઈ હોવાનું પ્રમાણપત્ર પણ તંત્રને આપ્યુ છે. આજે ભાજપ-કોંગ્રેસ અને બસપાના પ્રતિનિધિઓ આ મોકપોલમાં હાજર રહ્યા હતા.

મળતી વિગતો પ્રમાણે તંત્ર દ્વારા ફર્સ્ટ લેવલ ઈન્સ્પેક્શન

● અનુસંધાન પાન-૭ પર

## સુચના

ગાંધીનગર જીલ્લા વાહન વ્યવહાર સહકારી મંડળીના તમામ સભાસદોને જણાવવાનું કે, **૨૦૧૮-૨૦૧૯ના વર્ષ** દરમિયાન થયેલ નફામાં કરેલ **ભેટ-સોગાદમાં શેતરંજી તથા ચોરસો** જે સભાસદોને બાકી રહી ગયેલ હોય તે સભાસદોએ **તા. ૩-૯-૨૦૨૨ સુધીમાં** પ્લોટ નં. ૪૩૭/૨, સેક્ટર-૨૨, 'કલ્પના સોસાયટી' ગાંધીનગર ખાતેથી લઈ જવા વિનંતી છે. તે તારીખ પછી ભેટ-સોગાદ રદબાતલ કરવામાં આવશે. જેની નોંધ લેવી

સેક્રેટરી
આકાશ નાગર

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com